રસ્તા, પુલો અને મકાનોની ગુણવત્તા
ચકાસણી માટેના નિયતપત્રકોનો ઉપયોગ
ઇન્સ્પેકશન નોંધ માટે કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક: PRC-10-2017-31-C
તા.૨૬/૦૫/૨૦૧૭

# પરિપત્ર

માર્ગ અને મકાન વિભાગના રસ્તા, પુલ અને મકાનના કામો ઇજારદારશ્રી મારફત કરાવવામાં આવે છે. આ કામોની ગુણવત્તા ચકાસણી કરવાનું કામ ગુણવત્તા નિયમન (મા.મ.) વિભાગ દ્વારા કરવામાં આવે છે. કામોની ચકાસણી માટે ગુણવત્તા નિયમન (મા.મ.) વિભાગ હેઠળ ગુજરાત રાજ્યમાં કુલ-૬ (છ) કાર્યપાલક ઇજનેરશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કામોની ગુણવત્તા ચકાસણી કરી તેનો સ્થળસ્થિતિ મુજબનો ઇન્સપેકશન રીપોર્ટ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તૈયાર કરી જે તે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીને પૂર્તતા અર્થે સાદર કરવામાં આવે છે અને એની જાણ જે તે વિભાગના સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી અને મુખ્ય ઇજનેરશ્રીને કરવામાં આવે છે. ગુણવત્તા નિયમનના કાર્યપાલક ઇજનેરશ્રીઓ દ્વારા રજુ કરવામાં આવતા ઇન્સ્પેકશન રીપોર્ટની વિગતોમાં એકસરખા ફોર્મેટ વિભાગ દ્વારા નિયત કરેલ ન હોવાથી એકસૂત્રતા રહેતી નથી.

મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીમાં નકકી થયા મુજબ ઇન્સ્પેકશન રીપોર્ટમાં એકસૂત્રતા રહે તે માટે પી.એમ.જી.એસ.વાય.માં "ગ્રેડ સિસ્ટમ" વાળો રીપોર્ટ સાદર કરવામાં આવે છે એ પધ્ધતિએ ઇન્સપેકશન રીપોર્ટનું ફોર્મેટ બનાવવા જણાવવામાં આવેલ હતું. માર્ગ અને મકાન વિભાગના રસ્તા, પુલ અને મકાન માટેના ગુણવત્તા ચકાસણી કરવા માટેના ઇન્સ્પેકશન રીપોર્ટના ફોર્મેટ ગ્રેડ સિસ્ટમવાળા આ સાથે તૈયાર કરવામાં આવેલ છે. હવે પછી ગુણવત્તા વિભાગના મુખ્ય ઇજનેરશ્રી, અધિક્ષક ઇજનેરશ્રી, કાર્યપાલક ઇજનેરશ્રી, સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી તથા જે કોઇ પણ અધિકારીશ્રી ગુણવત્તા ચકાસણીની કામગીરી કરે તેમણે આ ફોર્મેટનો ઇન્સ્પેકશન રીપોર્ટ માટે ઉપયોગ કરવાનો રહેશે.

કામની ચકાસણી કર્યા બાદ કામનો એકંદરે ગ્રેડ "S (Satisfactory), SRI (Satisfactory but requires improvement) કે U (Unsatisfactory)" આપવાનો રહેશે.

(૧) જો ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ "S" મળશે તો એ કામ Satisfactory કક્ષાનું હોય પૂર્તતા કરવાની રહેતી નથી.

(૨) જો ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ "SRI" (Satisfactory but require improvement) મળશે તો જે તે આઇટમમાં "SRI/U" ગ્રેડ મળેલ છે એ આઇટમની સુધારણા ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરી એનો "ATR" (Action Taken Report) સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીએ તૈયાર કરી જે તે ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીની ફરીથી સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા સાથે સહમત હોય તો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગ પૂર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ એટલે "SRI/U" માંથી "S" માટે ભલામણ કરશે. ત્યારબાદ સદરહુ પૂર્તતા અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફત સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીને સાદર કરવાનો રહેશે. સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીએ સદરહુ "ATR" મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગ આપવા માટે ભલામણસહ સાદર કરવાનો રહેશે. ગુણવત્તા નિયમન વિભાગમાંથી પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ આ આઇટમનું બાકીનું ચૂકવણું કરવાનું રહેશે.

(૩) ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ 'U' (unsatisfactory) મળશે તો જે તે આઇટમમાં 'SRI/U' મળેલ છે એ આઇટમમાં સુધારણા અથવા Reconstruction (આઇટમ ફરીથી કરવી) ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરી એનો "ATR" સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીએ તૈયાર કરી જે તે ગુણવત્તા નિયમનં વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીની ફરીથી સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા સાથે સહમત હોય તો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગ પૂર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ એટલે "SRI/U" માંથી "S" માટે ભલામણ કરશે. ત્યારબાદ સદરહુ પૂર્તતા અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફત સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીને સાદર કરવાનો રહેશે. સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીએ સદરહુ "ATR" મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગ આપવા માટે ભલામણસહ સાદર કરવાનો રહેશે. ગુણવત્તા નિયમન વિભાગમાંથી પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ સમગ્ર કામનું બાકીનું ચૂકવણું કરવાનું રહેશે.

ઉપરોક્ત સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

બિડાણઃ-

(૧) રસ્તા, પુલ અને મકાનના કામોની ગુણવત્તા ચકાસણી માટેના નિયત પત્રકો

(૨) એ.ટી.આર.નું નિયત પત્રક

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર